**B.E. FIRST YEAR & SECOND YEAR**

## ૭. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

**ઉચ્ચશિક્ષણમાં અભ્યાસ કરતા તમામ વર્ગોના તેજસ્વી અને જરૂરીયાતમંદ યોગ્યતા પ્રાપ્ત વિદ્યાર્થીઓને અભ્યાસ માટે આર્થિક સહાય તેમજ અન્ય સવલતો.**

### શૈક્ષણિક વર્ષ-૨૦૧૭-૧૮ ની ઉચ્ચ શિક્ષણ સહાય માટે પાત્રતાના ધોરણો...

- ગુજરાતમાં આવેલ માન્ય બૉર્ડની ધોરણ-૧૦ ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવી ડિપ્લોમા અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને લાભ મળશે.
- ગુજરાતમાં આવેલ માન્ય બૉર્ડની પરીક્ષા ધોરણ-૧૨ ની સામાન્ય અથવા વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવી સ્નાતક કક્ષાના અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને લાભ મળશે.
- ગુજરાતમાં આવેલ માન્ય યુનિવર્સિટીમાંથી ડિપ્લોમા અભ્યાસક્રમની પરીક્ષા ૬૫ કે તેથી વધુ ટકા સાથે પાસ કરી ડિગ્રી અભ્યાસક્રમોના પ્રથમ/બીજા વર્ષમાં પ્રવેશ મેળવનાર ડી-ટુ-ડીના વિદ્યાર્થીઓને લાભ મળશે.
- રૂા. ૬,૦૦,૦૦૦/- સુધીની કૌટુંબિક વાર્ષિક આવક ધરાવતા વાલીઓના સંતાનોને આ યોજનાનો લાભ મળશે.
- રાજ્ય સરકારે આવક મર્યાદાના પ્રમાણપત્રને ત્રણ વર્ષ માટે માન્ય રાખવાનો નિર્ણય કર્યો છે. જેનો લાભ તમામ વિદ્યાર્થીઓને મળશે. જેની પાસે આવકના પ્રમાણપત્રો હશે તેમણે ત્રણ વર્ષ સુધી આવકનું પ્રમાણપત્ર ફરીથી પ્રાપ્ત કરવાની આવશ્યકતા રહેતી નથી.

### (અ) ટ્યુશન ફી સહાય

- સરકાર માન્ય સંસ્થામાં મેડીકલ અને ડેન્ટલના સ્નાતક કક્ષાના સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે વાર્ષિક ટ્યૂશન ફીના ૫૦% ટકા રકમ રૂા. ૨,૦૦,૦૦૦/- ની મર્યાદામાં મળવાપાત્ર.
- ઈજનેરી/ટેકનોલોજી, ફાર્મસી, આર્કિટેક્ચર, એગ્રીકલ્ચર, નર્સિંગ, ફીઝીયોથેરાપી, આયુર્વેદ, હોમીયોપેથીક, પેરામેડીકલ, વેટરનરી જેવા સરકાર માન્ય સંસ્થાના સ્નાતક કક્ષાના સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે વાર્ષિક ટ્યુશન ફીની ૫૦% ટકા રકમ રૂા. ૫૦,૦૦૦/- ની મર્યાદામાં મળવાપાત્ર.
- બી.એસ.સી., બી.કોમ., બી.એ., બી.બી.એ., બી.સી.એ. જેવા સરકાર માન્ય સંસ્થાના સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે વાર્ષિક ટ્યુશન ફીની ૫૦% ટકા રકમ રૂા. ૧૦,૦૦૦/- ની મર્યાદામાં મળવાપાત્ર.
- સરકાર માન્ય સંસ્થાના સ્વનિર્ભર ડિપ્લોમા અભ્યાસક્રમો માટે વાર્ષિક ટ્યુશન ફીની ૫૦% ટકા રકમ રૂા. ૨૫,૦૦૦/- ની મર્યાદામાં મળવાપાત્ર.

## (અ) ખાસ જોગવાઈ

- સરકારી મેડીકલ, ડેન્ટલ, ઈજનેરી કોલેજોમાં જનરલ બેઠકો ઉપર અનામત કક્ષાના ઉમેદવારો જે સંખ્યામાં પ્રવેશ મેળવે તેના કારણ જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓને સ્વનિર્ભર કોલેજમાં પ્રવેશ મેળવવો પડે તો તેવા વિદ્યાર્થીઓને સ્વનિર્ભર કોલેજ અને સરકારી કોલેજની ટ્યુશન ફીના તફાવતની રકમ મળવાપાત્ર છે.

## (બ) રહેવા જમવા સહાય

- સ્નાતક અથવા ડિપ્લોમાના અભ્યાસક્રમ માટે રહેઠાણના તાલુકાની બહાર અભ્યાસ કરતા અને સરકારી/અનુદાનીત છાત્રાલયમાં પ્રવેશ નહી મળ્યો હોય તેવા વિદ્યાર્થીઓને દર મહિને રૂા. ૧,૨૦૦/- (દસ મહીના માટે) મળવાપાત્ર છે.

## (ક) સાધન-પુસ્તક સહાય

- સ્નાતક કક્ષાના મેડિકલ, ડેન્ટલમાં રૂા. ૧૦,૦૦૦/- અને ઈજનેરી, ટેકનોલોજી, ફાર્મસી, આર્કિટેક્ચરમાં રૂા. ૫,૦૦૦/- અને ડિપ્લોમામાં રૂા. ૩,૦૦૦/- પ્રથમ વર્ષે એક વાર મળવાપાત્ર સહાય.

## યોજનાનું અમલીકરણ

- આ યોજના હેઠળ મંજૂર થયેલ ઉચ્ચ શિક્ષણ શિક્ષણ સહાયની રકમ વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટમાં સીધી જમાં.
- ઉચ્ચ શિક્ષણની સહાયની કાર્યવાહી નૉલેજ કોંસોર્ટીયમ ઓફ ગુજરાત (કેસીજી), મારફતે.
- વેબપોર્ટલ **mysy.guj.nic.in** મારફત ઉચ્ચ શિક્ષણ માટેની સહાય અંગેની ઓનલાઈન અરજીઓ.
- વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટીઓ/સંસ્થાઓ ખાતે ૯૧ જેટલા હેલ્પ સેન્ટર્સ ઉભા કરવામાં આવેલા છે.
- વિદ્યાર્થીઓની સહાય માટે હેલ્પ લાઈન નંબર : ૦૭૯-૨૬૫૬૬૦૦૦
- E-mail Address For Correspondence **: mysygujarat@gmail.com**
- આ યોજનાની વધુ જાણકારી હેતુ અને સહાય મેળવવા અરજીઓ કરવા માટેની વેબ-સાઈટ : **http://mysy.guj.nic.in**

# EDUCATION LOAN

## EDUCATIONAL LOAN SCHEMES OF INDIAN BANKS ASSOCIATION :

| | |
|---|---|
| **Purpose** | Payment of course fees. Purchase of books, equipments, instruments, uniform, payment of hostel fees, examination fees, study tours for studies in India |
| **Eligible Courses** | Professional courses: Engineering, Medical, Agriculture, Veterinary, Law, Dental, Computer, Management, etc. |
| **Quantum of Finance** | Need based finance<br>For studies in India: Max. Rs.10.00 lacs |
| **Margin** | Upto to Rs.4.00 lacs – Nil<br>Above Rs.4.00 lacs – for studies in India – 5% |
| **Security** | Loan is given jointly to the student and parent /guardian<br>Assignment of future income of the student<br>• Upto Rs.4.00 lacs- No security<br>• Above Rs.4.00 lacs upto Rs. 7.50 lacs –Satisfactory third party guarantee<br>(Note: If the proposed borrower prefers to offer collateral security of tangible assets (moveable or immoveable) instead of bringing collateral securities in the form of third party guarantee, the same may be accepted, at his request, provided the securities with stipulated margin covers 100% of the loan amount).<br>• Above Rs. 7.50 lakhs: Collateral security equal to 100% of the loan amount. |
| **Processing fee** | No processing / upfront charges may be levied on loans sanctioned under the scheme. |
| **Repayment** | Commences two years after completion of the course or six months aftergetting employment, whichever is earlier.<br>**Loan with interest is repayable in equated monthly installments within:**<br>For loans Upto Rs.7.5 lacs – 10 years after commencement of repayment<br>For loans above Rs.7.5 Lakhs - up to 15 years after commencement of repayment<br><br>No prepayment penalty<br><u>Credit Delivery</u><br>Loan can be availed from the branch nearest to the place of permanentresidence of the parent / guardian. Obtention of UID number (Aadhaar) of the student is compulsory |
| **Rate of interest** | • Interest to be charged at rates linked to the Base rate as decided by individual banks<br>• Simple interest to be charged during the study period and up to commencement of repayment. |
| **Eligibility** | • Should be an Indian National with no specific restriction for age of the student.<br>• Should have secured admission on merit to professional/technical courses in India including management quota. |
| **Not eligiblefor interest subsidy** | • Students admitted through management quota<br>• Students pursuing studies abroad<br>• Students pursuing courses which are not approved under IBA Scheme but approved by the Bank.<br>• Students discontinuing the course in the mid-stream or who are expelled from the institution on disciplinary or academic grounds. However subsidy would be available for actual period of study only if discontinuation is due to medical grounds with necessary documentation. |
| **Interest Subsidy to Economical Weaker Section Students** | • Interest subsidy during moratorium period is available to students who produce parents income certificate not exceeding Rs.4.50 lacs p.a.<br>• The income certificate is to be issued by the authority viz. District Collector, Dy. Collector/ Asst. Collector/Prant Officer & Mamlatdar |

## ૮. અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપમાં ફ્રી શીપ કાર્ડ આપવા અંગે.

ભારત સરકારના સમાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૩૧-૧૨-૨૦૧૦ના પત્ર ક્રમાંકઃ૧૧૦૧૭/૦૧/ ૨૦૦૮/એસસીડી/૫માં જણાવેલ યોજના હેઠળ પાત્રતા ધરાવતા હોય તેવા **અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી** દ્વારા પુરતી કાળજી રાખી ભારત સરકારની યોજના મુજબના તમામ માપદંડો મુજબ પાત્ર ઠરતા હોય તેવા વિદ્યાર્થીઓની ખાત્રી કરી ફ્રી શીપ કાર્ડ આપવાના રહેશે.

આ ફ્રી શીપ કાર્ડ રજુ થયેથી આવા વિદ્યાર્થીઓને રાજ્યનાં શિક્ષણ વિભાગ હેઠળની સ્વનિર્ભર સંસ્થાઓમાં જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીએ આપેલ બાંહેધરી / ફ્રી શીપ કાર્ડ અન્વયે વિદ્યાર્થીએ ભરવાપાત્ર થતી ફી વિદ્યાર્થીઓ પાસેથી મેળવ્યા સિવાય પ્રવેશ મળી શકશે.

સ્વનિર્ભર સંસ્થાઓએ શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયા બાદ અનુસુચિત જાતિના જે વિદ્યાર્થીઓ ભારત સરકાર પુરસ્કૃત પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ યોજના અન્વયે ફ્રી શીપ કાર્ડ ધરાવતા વિદ્યાર્થીઓ પાસેથી ફ્રી શીપ કાર્ડ મેળવી રજુ કર્યેથી આવા વિદ્યાર્થીઓ પાસેથી ફીની વસુલાત કરેલ હોય તો જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીની બાંહેધરીને ધ્યાને લઈ તેટલી રકમ વિદ્યાર્થીને પરત કરવાની રહેશે.